વિષય :- ગુજરાતી ધોરણ :-૭ પ્રથમ સત્ર

પાઠ નં:-૬ અવિરામ યુધ્ધ 25 marks

વિદ્યાર્થીનું નામ:-..........................................................................................

**1. તમે ક્યારેય દરિયાકિનારે ફરવા ગયા છો? ત્યાં તમે શું શું જોયું છે? 2 marks**

➢

**2. તમે કઈ કઈ કુદરતી આફતો વિશે જાણો છો? 2 marks**

➢

**3. પાઠના આધારે 'તોફાની દરિયા' વિશે ત્રણ-ચાર વાક્યો લખો. 3 marks**

➢

**4. પાઠના આધારે વાક્ય સાચું છે કે ખોટું તે કહો. 5 marks**

1. છોકરો દરિયાઈ તોફાનમાં ફસાયેલા પિતાને જોઈ રહે છે.

2. કુદરતના બળ સામે માણસનું બળ હારે છે.

3. દરિયાઈ તોફાનમાંથી બચવા માછીમાર ખૂબ પ્રયત્ન કરે છે.

4. કુદરતના બળથી હોડી અને માદાસ બંને અલગ થઈ જાય છે.

5. બાપના મોતનું વેર વાળવા છોકરો હોડકું લઈને દરિયામાં જાય છે.

**5. નીચેનાં વાક્યો કોણ, કોને ઉદ્દેશીને બોલે છે તે જણાવો. 4 marks**

1. માડી! સાચવજે.

2. કેમ દોસ્ત! ઓળખાણ પડે કે?

3. લ્યો રામ રામ સાંજે કરવા આવશો છે?

4. વેલુંમોડું સૌને મરવાનું છે ને?

**6. આપેલાં વાક્યોમાં તમને જે જે લાગણી અનુભવાતી હોય તે લખો (ગુસ્સો, દુ:ખ, ફિકર, નિરાશા, દયા, ડર, નવાઈ)** **5 marks**

ઉદા.: રાક્ષસની ચીસો હોય તેમ પવન સુસવાટા બોલાવતો હતો: (ડર)

1. માણસનું બળ થાક્યું હતું, કુદરતનું બળ વધતું હતું.

2. મને હડી કાઢવા ધો. હું દોડીને મારા બાપને બચાવી લાવું, મને હડી કાઢવા ધો.

3. મનુષ્ય હાર્યો, દરિયો જીત્યો.

4. મારી પ્રચંડતાને પણ કુછ નહિ ગણનાર આવડો નાનો છોકરો નીકળ્યો.

5. તે દિવસે એ એવું રહ્યો હશે કે દરિયો પથરાનો હોત તોય પીગળી જાત!

**7. આપેલ શબ્દના નજીકના અર્થ સામે ખરું (√) કરો.** **4 marks**

1. ધૂસર:

(અ) ધમાલ (બ) ધસારો (ક) ધૂળના રંગનું (ડ) ધબકાર

2. અતળ:

(અ) અતિ ઊંડું (બ) તળિયા વગરનું (ક) લાગણીશીલ (ડ) ખીણ

3. ચિંતાતુર :

(અ) ચિંતન કરવું (બ) વિચારોથી ગભરાવું (ક) ચિંતા કરવી (ડ) વિચાર મૂકવો

4. મશગુલ :

(અ) મશક (બ) મશહુર (ક) તલ્લીન (ડ) મગજમારી